# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૨૩-૦૧-૨૦૨૨

ઝેરી કેમીકલ કચરાથી માનવ જીંદગીનો ભોગ લેવાની સુરત સચીન જી.આઈ.ડી.સી.ની ગંભિર ઘટનામાં જીવ ગુમાવનારને ન્યાય મળે અને સંડોવાયેલા ઔદ્યોગિક એકમો - સત્તાવાળા સામે ગંભીર પગલા ભરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, 6ઠ્ઠી જાન્યુઆરીના રોજ ગુજરાતમાં સુરતમાં 6 થી વધુ લોકોના મોત થયા હતા અને 20 જેટલા લોકો ગંભીર સ્થિતિમાં હોસ્પીટલમાં દાખલ થયા હતા. ઝેરી કેમિકલ ભરેલ ટેન્કરે સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં પ્રિન્ટીંગ મિલ પાસેના નાળામાં ગેરકાયદેસર રીતે કેમિકલ ખાલી કરતાં આ ઘટના બની હતી. મૃતકોની સંખ્યા 6 હોવાનો દાવાની સામે સ્થાનિકો મૃતકોની સંખ્યા વધારે હોવાનું જણાવે છે. ઔદ્યોગિક દુર્ઘટનાની આ પહેલી ઘટના નથી, છેલ્લા 5 વર્ષમાં ગુજરાતમાં ઔદ્યોગિક એકમોની અંદર અનેક ઔદ્યોગિક અકસ્માતો અને હાનિકારક ઝેરી રસાયણોના કારણે કુલ 989 કામદારો મૃત્યુ પામ્યા છે. આ મૃત્યુમાં 42 ટકા જેટલો હિસ્સો ઉત્તરમાં મહેસાણાથી દક્ષિણમાં વાપી સુધીના "ગોલ્ડન કોરિડોર" પર સ્થિત સુરત, અમદાવાદ અને ભરૂચ જિલ્લાઓમાં કાર્યરત ફેક્ટરી કામદારોના મૃત્યુનો છે. રાજ્યમાં સાબરમતી, તાપી, વિશ્વામિત્રી સહિત ૨૦ કરતા વધુ નદીઓ સૌથી વધુ પ્રદૂષિત છે. પ્રદૂષિત પાણીના કારણે માનવ જીંદગીની સાથોસાથ ખેડૂતો અને ખેતી બન્ને મુશ્કેલીમાં મુકાઈ રહ્યાં છે. પશુધનને મોટી મુશ્કેલી છે તેમ છતાં ભાજપ સરકાર પ્રદૂષણ નિયંત્રણ માટે ગંભિર પગલા ભરવામાં આંખ આડા કાન કરી રહી છે.

રાજ્યમાં વધતા જતા ઔદ્યોગિક જીવલેણ અકસ્માતો, પ્રદૂષણના લીધે નાગરિકોના જીવન સામે જોખમ સહિતના મુદ્દે નિષ્ણાંતોની સત્યતા શોધક (ફેક્ટ ફેન્ડીંગ) સમિતિની રચના કરીને શ્રમિકોના ન્યાય માટે લડત કરવાની જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં 31,500 થી વધુ ફેક્ટરીઓ છે જે 16.93 લાખથી વધુ કામદારોને રોજગારી આપે છે. સુરત જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સૌથી વધુ કામદારોના મૃત્યુ થયા છે. મોટાભાગના કામદારો ઓડિશા, બિહાર અને ઉત્તર પ્રદેશના સ્થળાંતરિત છે. સચિન જીઆઈડીસીમાં લગભગ 50 ટેક્સટાઈલ ડાઈંગ અને પ્રિન્ટીંગ મિલો અને 40 થી વધુ કેમિકલ યુનિટ અને કેટલાક પાવર લૂમ યુનિટ છે. અહેવાલો દર્શાવે છે કે **ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આશિર્વાદથી ફરજિયાત કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં જોખમી કેમિકલની ટ્રીટમેન્ટ કર્યા વિના ઝેરી રાસાયણિક કચરાથી ભરેલી 5-6 થી વધુ ટ્રકો ગેરકાયદેસર રીતે દરરોજ શહેરના ગટરોમાં ખાલી કરવામાં આવે છે.** યુનિટના માલિકો અને જીઆઈડીસી સત્તાધીશો વચ્ચેની સાંઠગાંઠને કારણે સત્તાવાળાઓ જાણી જોઈને આંખ આડા કાન કરી રહ્યાં છે.

**રાસાયણિક કચરાના ગેરકાયદે ડમ્પિંગથી આસપાસના ગામડાઓમાં ભૂગર્ભ જળની સ્થિતિ પર ભારે અસર** થઈ છે, તેમજ આસપાસના શહેરોમાં પાણી પ્રદૂષિત થઈ રહ્યું છે. ગામડાઓની આસપાસના ખેડૂતો ગેરકાયદેસર પ્રથા સામે વિરોધ કરી રહ્યા છે કારણ કે ભૂગર્ભજળના પ્રદૂષણને કારણે પાકની નિષ્ફળતા અને અન્ય સમસ્યાઓ થઈ છે, પરંતુ એકમના માલિકો અને કંપનીઓએ પ્રદૂષણ નિયંત્રણના તમામ ધોરણોનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખ્યું છે અને સત્તાવાળાઓ આંખ આડા કાન કરે છે. ઉદ્યોગો એ **ગુજરાતની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે, પરંતુ આ રસાયણોની હાનિકારક અસરોને કારણે લાખો ગુજરાતીઓનું રોજિંદુ જીવન જોખમમાં ન આવે તે સુનિશ્ચિત કરવા યોગ્ય પ્રક્રિયાઓ અનુસરવામાં આવે** તે મહત્વનું છે. યોગ્ય પ્રક્રિયા ન કરાયેલ રાસાયણિક કચરો ભૂગર્ભજળને પણ પ્રદૂષિત કરી રહ્યો છે અને ગુજરાતીઓમાં ઘણા લાંબાગાળાના રોગોમાં વધારો કરી રહ્યો છે. વર્તમાન દુ:ખદ ઘટના દર્શાવે છે કે કેવી રીતે **ભાજપ સરકાર માત્ર પર્યાવરણને જ ખતરનાક રીતે નુકસાન પહોંચાડી રહ્યાં નથી પરંતુ આવી જોખમી પરિસ્થિતિઓમાં કામ કરતા હજારો શ્રમિકોના મૃત્યુ માટે જવાબદાર છે.**

**કોંગ્રેસ પક્ષએ ઔદ્યોગિક સલામતિ, પર્યાવરણ ક્ષેત્ર સહિતના પ્રતિષ્ઠિત નિષ્ણાંતોની સત્યતા શોધક (ફેક્ટ ફાઇન્ડિંગ) ટીમની રચના** કરી છે. તેઓ જમીન પરની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે અસરગ્રસ્ત પરિવારો અને હિતધારકોની મુલાકાત લેશે અને મુલાકાતના આધારે ફેક્ટ ફાઇન્ડિંગ રિપોર્ટ રજૂ કરશે. આ **અહેવાલના આધારે કોંગ્રેસ પક્ષ ન્યાયની માંગણી અને કાયદાકીય જોગવાઈઓના યોગ્ય અમલીકરણ માટે જે જરૂરી હશે તે લડત** આપશે.

( ડૉ. મનિષ એમ. દોશી )

મુખ્ય પ્રવક્તા